# પીએસીએલ લિમિટડ ની બાબતમાં - વારંવાર પૂછાતા પ્રશ્નો

પશ્ચાદભૂમિકા:

1. પીએસીએલ લિમિટડ (પીએસીએલ) નો દાવો હતો કે, વિવિધ સામૂહિક મૂડીરોકાણ યોજનાઓમાંથી (સીઆઇએસ) એકંદર રૂ. 49000 કરોડ (આશરે) ઊભા કર્યા હતા. સેબીએ 22 ઓગષ્ટ, 2014ના આદેશ અન્વયે ઠરાવ્યું હતું કે પીએસીએલ ની યોજનાઓ સીઆઇએસ સ્વરૂપની છે અને સાથોસાથ એમ પણ ફરમાવ્યું હતું કે, તેના ગ્રાહકોનાં બાકી નીકળતાં રિટર્ન સાથે એકત્રિત નાણાં, ત્રણ મહિનાની મુદ્દતની અંદરા પ્રસ્તાવતી શરતો અનુસાર પરત કરવાં.

2. પીએસીએલ તેના પ્રમોટર્સ/ડિરેક્ટર્સએ માનનીય જામીનગીરી અપીલ પંચને (સેટ) અપીલ કરી હતી, કે જેમણે તેમની અપીલ રદ્દ કરીને સેબીનો આદેશ માન્ય ઠરાવ્યો હતો. 14 આગસ્ટ 2015 ના આદેશથી નારાજ થઈને, સેટના આદેશને રદ્દ કરવા માનનીય સર્વોચ્ચ અદાલત સમક્ષ અપીલ દાખલ કરી હતી.

3. માનનીય સર્વોચ્ચ અદાલતે તેના 2 ફેબ્રુઆરી, 2016ના આદેશ અન્વયે પીએસીએલ લિમિટડ વિ. ભારતીય જામીનગીરી અને વિનિમય બોર્ડ (સિવિલ અપીલ નં. 13394/2015) ની બાબતમાં માનનીય ન્યાયાધીશશ્રી (નિવૃત્ત) આર. એમ. લોઢા (ભારતના મુખ્ય ન્યાયાધીશ)ના અધ્યક્ષપણા હેઠળ એક સમિતિ રચવા ઠરાવ્યું હતું. સમિતિએ પીએસીએલ ના માલિકી ખતનો કબજો લેવાની અને પીએસીએલ ના ગ્રાહકોને નાણાં પરત કરવા મિલકતો વેચવાની સત્તા આપી હતી.

4. તદ્દનુસાર, સમિતિએ, પીએસીએલ લિમિટડ ની વિવિધ યોજનાઓમાં જેમણે રોકાણ કર્યું હતું તે પીએસીએલ ગ્રાહકોને, તેમની સચ્ચાઈની ખાતરી કર્યા પછી, રિફંડ આપવા મિલકતોનો નિકાલ કરવાની શરૂઆત કરવા, સીબીઆઈ પાસેથી પીએસીએલ ની મિલકતોના દસ્તાવેજો એકત્રિત કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. તે દરમિયાન પીએસીએલ ના ગ્રાહકોને જાહેર નોટિસ મારફત જાણ કરાઈ હતી;

   (i) પીએસીએલ લિમિટડ સાથેની પીએસીએલ લિમિટડ યોજનાઓ કે અને અન્ય કોઈ વ્યક્તિ સાથે, સમિતિ દ્વારા આ અંગે વધુ જાણકારી ન અપાય ત્યાં સુધી તેમના મૂડીરોકાણોના રેકોર્ડ/દસ્તાવેજો અંગે ભાગ અન/અથવા હિસ્સો લેવો નહીં.

   (ii) પીએસીએલ લિમિટડ કે તેના અધિકારીઓ/એજન્ટો, વગેરેને હપ્તા કે અન્યથા કોઈ ચુકવણી કે કોઈ નવુ મૂડીરોકાણ કરવું નહીં.

1. હું પીએસીએલ નો ગ્રાહક છું. મારે શું કરવું જોઈએ?

જવાબ: તા. 05.03.2016 ની જાહેર નોટિસ અન્વયે પીએસીએલ ના ગ્રાહકોને તેમના મૂળ દસ્તાવેજો પાસે રાખવા ચેતવ્યા હતા. પીએસીએલ ના ગ્રાહકો પાસે હકદાવા મગાવતી સમિતિ દ્વારા ચોક્કસ જાણ કર્યેથી, તે રચાયેલ સમિતિ કે નામનિર્દિષ્ટ અધિકારીને આપી શકાય. રિફંડનો

હકદાવો કરવા, મૂળ દસ્તાવેજો રજૂ કરવા ફરજીયાત છે, જેના વિના કોઈ રિફંડ હકદાવો ચાલી શકશે નહીં.

2. મારે રિફંડ માટેની મારી અરજી કોને મોકલવી જોઇએ?

જવાબ: સેબી/સમિતિ જાહેરખબર/જાહેર નોટિસ દ્વારા પીએસીએલ ના ગ્રાહકો પાસેથી હકદાવો/દાવા મગાવવા, પીએસીએલ ના ગ્રાહકોને જાણ કરશે. આવી જાહેરખબર/જાહેર નોટિસ અપાય ત્યાં સુધી ગ્રાહકોએ બધા મૂળ દસ્તાવેજો પોતાની પાસે રાખવાની સલાહ છે અને તે કોઈ વ્યક્તિ, એજન્ટ વગેરે સાથે હિસ્સેદારી, તબદીલી કે સોંપણી કરવી નહીં.

3. રિફંડ માટેની અરજી માટે મારે ક્યારે કે ક્યાં કરવી જોઇએ?

જવાબ: પીએસીએલ ના ગ્રાહકોને સલાહ છે કે, ચોક્કસ જાણ કરાયા પછી નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, જરૂરી દસ્તાવેજો સાથે રિફંડની અરજી (એએફઆર), જાહેરખબર/જાહેર નોટિસમાં દર્શાવ્યા/નિર્દિષ્ટ કર્યા પ્રમાણે તે સરનામે/અધિકારીને રજૂ કરવી.

4. સેબી, પીએસીએલ લિમિટડ ના ગ્રાહકો પાસેથી ક્યારે હકદાવા મંગાવશે?

જવાબ: પીએસીએલ ની મિલકતો વેચાઈ જાય અને પૂરતાં નાણાં ઉપલબ્ધ થાય પછી રિફંડના હેતુસર પીએસીએલ ના ગ્રાહકોનો હકદાવા મંગાવશે. સમિતિ, ગ્રાહકોને સમિતિએ નિર્દિષ્ટ કરેલ ફોર્મમાં રિટર્ન માટે અરજી કરવા ગ્રાહકોને આમંત્રિત કરશે.

5. મારી યોજના પાકવાની મુદ્દત વીતી ગઈ છે અને સેબી, પીએસીએલ લિમિટડ ના એજન્ટો વૈકલ્પિક દસ્તાવેજ/યોજનાઓ આપવા તૈયાર છે, મારે શું કરવું તે અંગે સલાહ આપવા વિનંતી છે?

જવાબ: મૂળ દસ્તાવેજો પર મક્કમ રહેવાની અને માંગેલું રિફંડ આપવા પર તે રજૂ કરવાની સલાહ છે. તેમની બીજી કોઈ યોજનાઓ હાલના મૂડીરોકાણો રૂપાંતરિત કરવા કે ફેરફાર કરવા સેબી, પીએસીએલ લિમિટડ કે તેમના એજન્ટો સહિત કોઈ વ્યક્તિના કોઈપણ જાતના દાબ-દબાણ આગળ નહીં ઝુકવાની સલાહ છે. માનનીય સર્વોચ્ચ અદાલતના આદેશ દ્વારા સમિતિને પીએસીએલ ની મિલકતો વેચ્યા પછી પીએસીએલ લિમિટડ ના સાચા રોકાણકારોને રિફંડ આપવાનું કામ સોંપવામાં આવ્યું છે. ઉક્ત આદેશથી વિચલન કરવાના કોઈપણ વ્યક્તિએ કરેલા કોઈપણ પ્રયત્નને માનનીય સર્વોચ્ચ અદાલતના આદેશનું ઉલ્લંઘન કરે છે અને તેથી તે સલાહપ્રદ નથી.

6. ત દરમિયાન મારે શું કરવું અપેક્ષિત છે?

જવાબ: તમારે સેબી/સમિતિ દ્વારા કરાયેલી અખબારી યાદી/જાહેર ખબર, વગેરે માટે વર્તમાનપત્ર પર નજર રાખવી જોઈએ. તમારે સેબીની વેબસાઈટ www.sebi.gov.in પર પણ નજર રાખવી અથવા નીચેના ટોલ-ફ્રી હેલ્પલાઈન ફોન નંબરઃ 1800 266 7575 કે 1800 22 7575 પર સંપર્ક કરવો.